ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, ગાંધીનગર માન્ય અને કલ્યાણ ફાઉન્ડેશન ટ્રસ્ટ, ભાવનગર સંચાલિત

# કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર

KRCSC BHAVNAGAR

" વિજ્ઞાન ભવન " પ્લોટ નં. ૨૨૦૬/૪-એ, સંસ્કાર મંડળ પાસે,
પંજાબ નેશનલ બેંકની બાજુમાં, હિલડ્રાઈવ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત)

GUJARAT COUNCIL ON SCIENCE AND TECHNOLOGY GOVERNMENT OF GUJARAT

**Phone** : 0278-2570110, 2570111 **Email** :krcscbhavnagar@yahoo.co.in **Website** : www.krcscbhavnagar.org

**અખબારી યાદી** તા:૨૨/૦૩/૨૦૧૬

પ્રતિ,
તંત્રીશ્રી,

....................................,
ભાવનગર.

## વિશ્વ જળ દિવસ નિમીતે કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા વોટર ફિલ્ટ્રેશન પ્લાન્ટની મુલાકાત કરાય.

કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર, ભાવનગર દ્વારા ભાવનગર શહેર તથા જિલ્લાની પ્રાથમીક માધ્યમિકશાળાઓ, કોલેજો તેમજ મહીલા મંડળોમાં વૈજ્ઞાનિક જાગૃતિ આવે તેવા આશયથી વિવિધ કાર્યક્રમો અને વિવિધ દિવસોની ઉજવણી કરવામાં આવે છે.

૨૨ ફેબ્રુઆરીને વિશ્વ જળ દિવસ તરીકે ઉજવવામાં આવે છે. વિશ્વ જળ દિવસની આ વર્ષની થીમ **'Batter Water Batter Jobs'** હતી. જેને અંતર્ગત કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર દ્વારા ભાવનગરના કુલ ચાર પૈકીનો એક એવો વિદ્યાનગરમાં આવેલ તખ્તેશ્વરવોટર ફિલ્ટ્રેશન પ્લાન્ટની મુલાકાતનું આયોજન કરવામાં આવેલ.

આ મુલાકાત દરમ્યાન પ્લાન્ટના ઓપરેટર શ્રી પ્રણવભાઇ એ માહિતી આપતા જણાવેલ કે આ વોટર પ્લાન્ટ ઈસ. ૧૯૩૬માં બનાવવામાં આવેલ. જેમાં મુખ્યત્વે મહિપરીયોજન તથા શેત્રુંજય ડેમનું પાણી આવે છે. જરૂર જણાયતો ભાવનગરની જીવાદોરી સમાન રહેલ ગૌરીશંકર તળાવનું પાણી પણ ઉપયોગમાં લેવામાં આવે છે. જેને અલગ – અલગ પાંચ પ્રકારે ફિલ્ટર કરવામાં આવે છે. દરેક ફિલ્ટરે પાણીમાં રહેલ અશુધ્ધિનું પ્રમાણ ઘણતું જાય છે. ત્રણ પ્રકારના ફિલ્ટર પછીના ચોથા ફિલ્ટર વખતે પાણીને અલગ – અલગ રેતીના સ્તરમાંથી પસાર કરવામાં આવે છે. આ પ્રક્રીયા વોટર બેન્ડ તરીકે ઓળખાય છે. આ ક્રિયામાં પાણીમાં રહેલ અશુધ્ધિઓ રેતી સાથે ચોટી જાય છે. આ અશુધ્ધ રેતીને દર ૨૪ કલાકે બાય બેક વોટર દ્વારા શુધ્ધ પાણીથી સાફ કરવામાં આવે છે. અને અંતે છેલ્લા ફિલ્ટર વખતે ચોખ્ખા પાણીમાં કલોરીન વાયુ ભેળવી જે થોડી અશુધ્ધિઓ રહેલ હોય તે પણ દુર કરવામાં આવે છે. અંતે શુધ્ધ થયેલ પાણી પ્લાન્ટના મોટા અંટરગ્રાઉન્ડ વોટર ટેન્કરમાં ભેગુ થાય છે. જયાથી તેને પંપ દ્વારા પાણીની ટાંકી સુધી પહોચાડી અલગ – અલગ વિસ્તારોમાં વિતરણ કરવામાં આવે છે.

ફિલ્ટ્રેશન પ્લાન્ટની મુલાકાત દરમ્યાન કોલેજના વિદ્યાર્થીઓ તથા શિક્ષકો એમ મળીને કુલ ૭૦ લોકોએ ભાગ લીધો હતો. જેમાં ફિલ્ટ્રેશન પ્લાન્ટના સ્ટાફનો પુરતો સહયોગ રહયો હતો.

(હર્ષદ જોષી)
ઓફિસ ઈન્ચાર્જ,
કલ્યાણ પ્રાદેશિક લોક વિજ્ઞાન કેન્દ્ર,
ભાવનગર.